અપીલ અરજી નં.૫૯ તા.૧૪–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ગોવિન્દા વિનાયક સોલંકી
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગોવિન્દા વિનાયક સોલંકીની તા.૧૯–૩–૧૦ ની અરજીથી ટેના.નં. ૧૪એ –૦૭–૦૨૧૧ વાળી મિલકતના કયા ડોકયુમેન્ટના આધારે નામફેર કરેલ છે? તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૪–૫–૧૦ ની **SMC/FAP/** નં.૫૯/૨૦૧૦–૧૧

શ્રી ગોવિન્દા વિનાયક સોલંકીની તા.૧૯–૩–૧૦ ની અરજીથી ટેના.નં. ૧૪એ–૦૭–૦૨૧૧ વાળી મિલકતના કયા ડોકયુમેન્ટના આધારે નામફેર કરેલ છે? તેની માહિતી આપવા બાબતે આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૪–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૨૭૪ તા.૨૭–૫–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં આરટીઆઈના નિયમ–૬ મુજબ મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, તબદીલ કરેલ હોય તો તેનો પત્ર,જાહેર માહિતી અધિકારીનો હોદ્દો, ખાતા/વિભાગનું નામ તથા જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતી નકલ તથા નારાજગી અંગેના આધાર અને વાજબીપણું રજુ કરવાનું રહે છે. જે પૈકી અપીલ અરજીમાં મુળ અરજીની નકલ,ફી ભર્યાની વિગત તથા મળેલ પ્રત્યુત્તરની નકલ જણાવેલ નથી. જે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઝોન/અકણ/આરટીઆઈ/૩૯૨ તા.૨–૬–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત,તેમના પત્ર નં.અકણ/૨૪ તા.૬–૪–૧૦ થી શ્રી ગોવિંદાને પાઠવેલ પત્રની નકલ, ત્રાહિત વ્યકિતને પાઠવેલ પત્ર નં.સા.ઝોન/અકણ/૧૨૪ તા.૧૬–૪–૧૦ ના પત્રની નકલ, ત્રાહિત વ્યકિતએ આપેલ માહિતી અંગેના તા. ૨૧–૪–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલ માહિતી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૭૯ તા.૨૭–૪–૧૦ ના પત્રની નકલ તથા તે પોસ્ટ કર્યા અંગે યુપીસી પુરાવાની નકલ અત્રે પૂરક વિગતોમાં રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૯–૩–૧૦ ની અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન પાસે ૦૦૧૧ પૈકી ૩૫/૨૭૩ ખટોદરાનું મકાન ગંગારામ ભગવાનદાસના નામ પર હતું તે મકાન કયા દસ્તાવેજના આધારે નામ ટ્રાન્સફર કરવામાં આવ્યુ તેની પૂરી વિગત માંગેલી માહિતીની વિગતોમાં ૦૦૧૧ પૈકી ૩૫/૨૭૩ ખટોદરા ટેના નં.૧૪એ–૦૭–૦૨૧૧–૦–૦૦૧ વાળી મિલ્કત હાલ કોના નામ પર છે મુળ માલિકના બદલે હાલનું નામ ફેર કયા દસ્તાવેજના આધારે ટ્રાન્સફર કરવામાં આવ્યું તે દસ્તાવેજની પ્રમાણિત નકલની માંગણી કરવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ત્રાહિત વ્યકિત શ્રી રજનીબેન પી. ઝાલાને કલમ–૧૧ મુજબ પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૨૪ તા.૧૬–૪–૧૦ થી અરજદારની માહિતી આપવી કે કેમ? તે બાબતનો પત્ર પાઠવવામાં આવેલ. જેના સંદર્ભે ત્રાહિત વ્યકિત તરફથી તા.૨૧–૪–૧૦ ના રોજ એવું જણાવવામાં આવ્યું કે અરજદારને અમે ઓળખતા નથી તેથી અમારી જાણ સિવાય કોઈ પણ અંગત માહિતી કે દસ્તાવેજની નકલ આપવી નહીં જેમાં અમારું હિત ન હોવાથી ચોખ્ખા શબ્દોમાં અમારી ના છે તેવું જણાવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૭૯ તા.૨૭–૪–૧૦ થી અરજદારને "આપની માહિતી માંગતી અરજી અંગેના અનુસંધાનમાં ત્રાહિત પક્ષકારે માહિતી /નકલો આપવા અંગે વાંધો ઉઠાવી તે ન આપવા જણાવેલ છે. જેથી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટની કલમ–૧૧ (૨) હેઠળ માહિતી/નકલો આપવા અંગે હું ઈન્કાર કરું છું." તેવો નિર્ણય અરજદારને જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૪–૫–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. નામફેર કરવા માટે કયા સપોર્ટીગ ડોકયુમેન્ટ મુકીને નામફેર કરેલ છે તેવું જણાવે છે. આમ અરજદારે માંગેલ માહિતી પૈકી મિલ્કત કોના નામ પર અને નામફેર કયા દસ્તાવેજના આધારે થયેલ છે તેની વિગતો જાહેર હોય પૂરી પાડવાની રહે છે. જયારે દસ્તાવેજની નકલ પૂરતો જાહેર માહિતી અધિકારીનો નિર્ણય બહાલ રાખી શકાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૯–૩–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી ઉપરોકત જણાવ્યા મુજબની કયા દસ્તાવેજના આધારે નામ ફેર કરવામાં આવ્યું તેની માહિતી નામફેરની હાથ ધરેલ પ્રક્રિયા આધારે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોય તેટલી વિગત આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા કાર્યપાલક અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે. જયારે કલમ–૧૧ હેઠળ દસ્તાવેજની નકલની માહિતી પૂરતો જાહેર માહિતી અધિકારીનો નિર્ણય બહાલ રાખવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), . . .જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગોવિન્દા વિનાયક સોલંકી,